જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૧/૨૦૨૫ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૩/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૫૪ લીટર દેશી દારૂ, ૫૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૬ બિયર ટીન, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૪૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૪/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૪૫/૨૦૨૫

**સરખેજઃ** ધવલભાઇ શશીકાંતભાઇ ગોહેલ (રહે. શ્રીજી ફલેટ હરદાસનગર નવલખા બંગલોઝ પાસે બાપુનગર) એ તા.૦૮/૦૧/૨૦૨૫ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૧/૨૦૨૫ રાતના ૧/૩૦ થી ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન એસ.પી.રીંગ રોડ પાસે એપલવુડ ટાઉનની બાજુમાં આવેલ શેલા ૬૬ કે.વી.સબ સ્ટેશનની બાજુમા નવી સાઇટ ખાતેથી એકસએલપી ૨૪૦ એસકયુએમએમ વાયર ૧૪૮ મીટર કિમત રૂપિયા ૧,૬૨,૮૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એચ.શર્મા ચલાવે છે.

**નરોડાઃ** નયનાબહેન વા/ઓ પ્રવિણભાઇ પરમાર (ઉ.વ.૪૨) (રહે. સારથી રેસિડેન્સી વિઠ્ઠલપ્લાઝાની બાજુમાં નરોડા) એ તા.૦૮/૦૧/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૧/૨૦૨૫ સાંજના ૬/૦૦ થી ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નરોડા લક્ષ્મી વિલા-૦૨ સામે આવેલ ગ્રાઉન્ડ ખાતે રીચ એક્ઝીવિઝન એક્ષપ્લોરમાં ગયા હતા દરમ્યાન અજાણી વ્યક્તિએ નયનાબહેના પરમારની નજર ચુકવી થેલીમાંથી પર્સ ચોરી કરી લીધી હતી. જે પર્સમાં સોનાનુ મંગળસુત્ર, સોનાની નથ તથા રોકડ રૂપિયા ૨૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૦,૮૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.બી.વિહાત ચલાવે છે.

**<u>અપમૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૬/૨૦૨૫</u>**

**સોલા હાઈકોર્ટ**ઃ ગોતા વંદે માતરમ સ્વસ્તિક સ્કાયલાર્ક ફ્લેટ સામે પ્રધાનમંત્રી આવાસ યોજનાના નવા બનતા મકાન ખાતે રહેતા અને ત્યાં જ મજુરી કામ કરતા કમલેશ ઉજમાલાલ ડામોર (ઉ.વ.૨૪) (મુળ વતન. ગામ-ઈટાઈવા, પોસ્ટ-કોટડા, થાના-અર્થુના, તા.ગઢી, જી.બાંસવાડા રાજસ્થાન) તા.૦૮/૦૧/૨૦૨૫ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે એ બ્લોકના ત્રીજા માળથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેષસિંહ નટવરસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી